**દાવો દાખલ તારીખ**
**દાવો રજી. તારીખ**
**ફેંસલ તારીખ ૨૩/૧૦/૨૦૧૮**
**સમય અવધી વર્ષ માસ દિવસ**

**રાજકોટના મે. ૧૧માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ) સાહેબની કોર્ટમાં, મું. રાજકોટ સ્પે. સીવીલ સ્યુટ (ઈલે.) નં. ૪૦૭ / ૨૦૧૮**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
થ્રુ ઈટસ નાયબ ઈજનેરશ્રી
વિછીંયા સબ ડીવીઝન, રાજકોટ ......... **વાદી**

**વિરૂઘ્ધ**

**જાદવભાઈ જીણાભાઈ રામભાઈ મેર**
ઠે. ગામ: રેવાણીયા તા. વિછીંયા
જી. રાજકોટ ........ **પ્રતિવાદી**

**દાવો :– વીજ વપરાશ બીલની લેણી રકમ રૂા. ૧૪,૮૪૦–૧૬ પૈસા વસુલ મળવા અંગે**

**એડવોકેટસ**
**વાદી તરફે વિધ્વાન વકીલશ્રી જે.એમ. મગદાણી**
**પ્રતિવાદી તરફે : એકતરફી**

**– :: ચુ કા દો :: –**

**(૧)** આ કામના વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી રજીસ્ટર્ડ ઓફીસના તાબામાં જુદાજુદા ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફીસો આવેલ છે અને આ રીતે વાદી કંપનીનું વિછીંયા સબડીવીઝન રાજકોટ મુકામે આવેલ છે. આ કામની દાવા અરજીમાં સહી કરનાર અધિકારી વાદી કંપનીના જવાબદાર અધિકૃત ઓફીસર છે અને હાલના દાવાની હકીકતથી માહીતગાર છે.

**(૨)** આ કામના પ્રતિવાદી વાદી પીજીવીસીએલની વિછીંયા સબડીવીઝન પાસેથી કાયદેસર રીતે વીજજોડાણ મેળવ્યા વગર વીજવપરાશ કરતા હોય બીનઅધીકૃત, બીન નોંધાયેલ વીજવપરાશકાર હોય નોન કન્ઝયુમર દરજજે તેમને કરેલ વીજવપરાશની રકમ મેળવવા હાલનો દાવો વાદી કંપનીએ
પ્રતિવાદી સામે લાવેલ છે. આ કામના પ્રતિવાદીની સ્થાનીક જગ્યાએ રાજકોટ જીલ્લાના વિછીંયા સબ ડીવીઝનના તાબાના વિસ્તારમાં વીજ કનેકશન ચેક કરવા માટે તારીખ ૦૮/૦૫/૨૦૧૭ ના રોજ વાદી

કંપનાનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં પ્રતિવાદીએ પોતાના ઘરની બાજુમાં આવેલ એલ.ટી. લાઈનના પોલ પરથી ડાયરેકટ લંગર નાખી કાળા કલરના વાયરની મદદથી છુટા જોડાણ કરી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા માલુમ પડેલ. તેથી રોજકામ કરી મુદામાલનો વાયર કબજે કરેલો, ચેકિંગ રીપોર્ટ ભરેલો તે તમામ પ્રક્રિયા કરેલી. વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ. આમ પ્રતિવાદી સ્થળ ઉપર ડાયરેકટ વીજચોરી કરતાં હોય વાદી કંપનીએ નિયમમાનુસાર વીજ ચોરીનું પુરવણી બીલ આપેલ છતાં સદરહું રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ ન કરતા વાદી કંપનીને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે.વાદીની કચેરી દ્વારા ઉપરોકત પ્રતિવાદી ને બીલ આપેલુ જે પ્રતિવાદી એ ભરેલ નહી. ત્યારબાદ આ કામના વાદીએ પ્રતિવાદીને તા. ૧૩/૧૨/૧૭ ના રોજ રૂપીયા ૧૩૬૮૬–૦૦ પૈસાની ચોરી બીલની નોટીસ આપેલ, પરંતું આ નોટીસનો કોઈ જવાબ આપેલ નહી કે નોટીસ મુજબની કોઈ રકમ પ્રતિવાદી એ જમા કરાવેલ નથી. પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ વીજચોરી અંગે જે જે કાર્યવાહી કરવામાં આવેલ તે અંગેના પેપર્સ વાદી દ્વારા દાવાની સાથે રજુ રાખેલા છે. આ કામના પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજવપરાશની પુરવણી બીલની રકમ અને વિલંબીત ચૂકવણી ચાર્જના મળીને કુલ રૂા. ૧૪ ૮૪૦–૧૬ ની લેણા રહે છે. પ્રતિવાદી ને આપેલ નોટીસનો પ્રતિવાદી દ્વારા કોઈ અમલ ન કરતા વાદી કંપની દ્વારા હાલનો દાવો લાવવાની નાછુટકે ફરજ પડેલ .

**(૩)** હાલનો દાવો દાખલ થતાં આ કામના પ્રતિવાદીને સમન્સ / નોટીસ કરતાં તેઓને યોગ્ય રીતે સમન્સ / નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ હાજર થયેલા નહી. તેથી આ કામમાં આંક ૧ હેઠળ કરેલ હુકમ મુજબ પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે. આ કામમાં હાલના દાવાનો સમન્સ બજી ગયા બાદ વાદી કંપનીની સરકારશ્રીની માફી યોજના અન્વયે લોક અદાલતના કામે નોટીસથી હાજર રહેવા જાણ કરેલ હતી, તેમજ વાદી કંપની દ્વારા જાહેર નોટીસની પ્રસિધ્ધીથી તથા અન્ય રીતે સરકારશ્રીની માફી યોજનાનો લાભ લેવા માટે જણાવવામાં આવેલ, છતાં આ કામના પ્ર તિવાદીએ સરકારશ્રીની માફી યોજનાનો લાભ લીધેલ હોય તેવું જણાઈ આવતું નથી તેમજ આ અદાલત સમક્ષ હાજર પણ રહેલા નથી આમ આ કામના પ્રતિવાદી દ્વારા વાદીના દાવાની કોઈ હકીકત ને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

**(૪)** વાદીએ પોતાના દાવાના સર્મથનમાં આંક ૦૮ થી વિનોદભાઈ ખોડાભાઈ ચાવડા ને

તપાસેલ છે અને તેમની જુબાની દરમ્યાન નીચે મુજબના દસ્તાવેજો રજુ કરી પુરવાર કરવામાં આવેલા છે.

**–:: દસ્તાવેજી પુરાવાઓ ::–**

| અનુક્રમ નંબર | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૦ | પરફોર્મા નં. ૧૨ અસલ |
| (૨) | ૧૧ | ઓફીસ નોટ અસલ |
| (૩) | ૧૨ | લેજર કોપીઅસલ |
| (૪) | ૧૩ | એડીની પહોંચની ખરીનકલ |
| (૫) | ૧૪ | નોટીસ ની ખરીનકલ |
| (૬) | ૧૫ | એડીની પહોંચની ખરીનકલ |
| (૭) | ૧૬ | વીજચોરીની ફરીયાદ નોંધાવવા બાબતની યાદીની ખરીનકલ |
| (૮) | ૧૭ | વીજચોરીનું બીલની કોપીની ખરીનકલ |
| (૯) | ૧૮ | ગણતરીની કોપીની ખરીનકલ |
| (૧૦) | ૧૯ | ગેટપાસ ની કોપીની ખરીનકલ |
| (૧૧) | ૨૦ | ચેકીંગ રીપોર્ટ ની કોપીની ખરીનકલ |
| (૧૨) | ૨૧ | એનેક્ષર –જની ખરીનકલ |
| (૧૩) | ૨૨ | રોજકામની ખરીનકલ |

ત્યારબાદ આ કામના વાદી તરફથી આંક ૨૩ ની પુરશીશથી તેઓએ પોતાનો મૌખીક પુરાવો પુરો થયાનું જાહેર કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ.

**(૫)** આ કામમાં પ્રતિવાદી સામે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે તેથી પ્રતિવાદી દ્વારા કોઈપણ પ્રકારનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૬) હાલના દાવાના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ આંક ૦૬ થી ફેમ કરેલ છે.**

૧. શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરી વીજવપરાશ કરેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે તેઓ પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રકમ લેવા હકકદાર થાય છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે તેઓ બીલની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર થાય છે ?

૪. શું વાદીનો સમયમર્યાદામાં છે ?

૫. શું હુકમ તથા હુકમનામુ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે.

૧. હકારમાં
૨. હકારમાં
૩.હકારમાં
૪. હકારમાં
૫. આખરી હુકમ મુજબ

**–– ::: કા ર ણો ::––**

**(૮)** આ કામમાં મુદ્દા નં. ૧ થી ૪ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલી હોય તેથી પુનરાવર્તન નો દોષ નિવારવા માટે મુદા નં. ૧ થી ૪ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૯)** આ કામના વાદીના દાવાની હકીકત મુજબનો પુરાવો વાદી કંપનીના જવાબદાર અધિકારી વિનોદભાઈ ખોડાભાઈ ચાવડાએ આંક ૦૮ પોતાના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે. આ સાહેદે વાદી કંપનીના આ સાહેદના પુરાવાને પ્રતિવાદી દ્વારા પડકારવામાં આવેલ નથી.

આમ કાયદાકીય સિધ્ધાંત મુજબ જો વાદીની સોગંદપૂર્વકની હકીકતોને જો પ્રતિવાદી દ્વારા પડકારવામાં ન આવે તો તે આ હકીકતો સ્વીકારે છે તેમ માનવુ પડે. આ ઉપરાંત વાદી કંપનીના અધીકારીના આંક ૮ના મૌખીક પુરાવા તથા આંક ૧૦ થી આંક ૨૨ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ ઉપરથીએ હકીકત સ્પષ્ટ થાય છે કે તારીખ ૦૮/૦૫/૨૦૧૭ ના રોજ વાદી કંપનાનીના અધિકારીઓ દ્વારા વીજસ્થાપન ચેક કરતાં પ્રતિવાદીએ પોતાના ઘરની બાજુમાં આવેલ એલ.ટી. લાઈનના પોલ પરથી ડાયરેકટ લંગર નાખી કાળા કલરના વાયરની મદદથી છુટા જોડાણ કરી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા માલુમ પડેલ તેમજ રોજકામ કરી વાયર કબજે કરેલો, ચેકિંગ રીપોર્ટ ભરેલો તે તમામ પ્રક્રિયા કરેલી. વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ. પ્રતિવાદીને તા. ૧૩/૧૨/૧૭ ના રોજ રૂપીયા ૧૩૬૮૬–૦૦ પૈસાની ચોરી બીલની નોટીસ આપેલ, પરંતું આ નોટીસનો કોઈ જવાબ આપેલ નહી કે નોટીસ મુજબની કોઈ રકમ પ્રતિવાદી એ જમા કરાવેલ નથી આ કામના પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજવપરાશની પુરવણી બીલની રકમ અને વિલંબીત ચૂકવણી ચાર્જના મળીને કુલ રૂા.૧૪૮૪૦–૧૬ પૈસા બાકી લેણા રહે છે. આ કામના સાહેદએ રાજયસેવક છે તેઓએ જે કોઈ કાર્યવાહી કરી છે તે પોતાની ફરજના ભાગરૂપે કરી છે તેમજ રજુ થયેલા તમામ દસ્તાવેજોએ અસલની ખરીનકલો છે અને આ આંક ૧૦ થી આંક ૨૨ સુધીના તમામ દસ્તાવેજો પ્રોપર કસ્ટડી માંથી રજુ થયેલ છે, આ દસ્તાવેજોને પ્ર

તિવાદી દ્વારા કોઈપણ રીતે પડકારેલા નથી ત્યારે આ દસ્તાવેજોને ન માનવા નું કોઈ કારણ રહેતું નથી.

**(૧૦)** આ કામના વાદી દ્વારા ૧૨ % ના વ્યાજની માંગણી કરેલ છે પરંતું આ કામના પક્ષકારો વચ્ચે વ્યાજ અંગે કોઈ લેખીત કરાર કરવામાં આવેલ નથી આ સંજોગોમા ંપ્રવર્તમાન નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલા વ્યાજના ધોરણો ધ્યાનમાં લેતા વાદીની ૧૨ % વ્યાજની માંગણી વધારે પડતી હોય. તેથી વાદી પોતાની લેણી રકમ ઉપર વાર્ષીક ૯ % વ્યાજ સહીત લ ેણી રકમ મેળવવા હકકદાર છે.

**(૧૧)** આ કામના વાદી કંપનીના અધીકારીઓ દ્વારા તા. ૦૮/૫/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીની જગ્યાનું ચેકીંગ કરેલ છે અને જરૂરી રીપોર્ટસ તૈયાર કરેલા છે અને વાદી દ્વારા પ્રતિવાદી ને તારીખ ૧૩/૧૨/૨૦૧૭ ના રોજ લેખીતમાં નોટીસ આપેલ જયારે હાલનો દાવો તા. ૦૨/૦૫/૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, આમ હાલનો દાવો વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમયમર્યાદામાં દાખલ કરેલ છે તેથી વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે અને વાદીના દાવાને લીમીટેશન એકટનો કોઈ બાધ નડતો નથી.

**(૧૨)** ઉપરોકત ચર્ચા મુજબ પોતાનો દાવો સાબીત કરવામાં સફળ રહયા છે તેથી મુદૃા નં. ૧ થી ૪ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદૃા નં. ૫ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**– :: <u>હુ ક મ</u> ::–**

**(એ)** વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને રૂા. ૧૪૮૪૦–૧૬ પૈસા દાવો દાખલ થયાની તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષીક નવ ટકા (૯ %)ના સાદા વ્યાજસહીત ચુકવી આપવા અને વાદી તે રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મીલકતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

**(બી)** વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૩મી માહે ઓકટોબર સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ તા.૨૩/૧૦/૨૦૧૮

**( વિનોદ વી. પરમાર )**
**૧૧માં એડી. ડીસ્ટ્રીકટ જજ તથા**
**સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ)**

**રાજકોટ**

**UNIQ ID NO.GJ01514**